# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૭ જુલાઈ ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૧** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (અ) નીચેનામાં કયા અતિચાર લાગે?** **(૨)**

૧. હાથીને છટકું ગોઠવીને પકડ્યો હોય. ૨. સંથારો કરી આત્મહત્યાના વિચારો કર્યા હોય.
૩. ઘેટાની ચામડીનો વેપાર કર્યો હોય. ૪. સામાયિકમાં ખોટા બિલ બનાવવાના વિચાર કર્યા હોય.

**(બ) બીજા શ્રમણસૂત્રના આધારે લખો.** **(૨)**

૧. ગાય માટે રાખેલી રોટલી લીધી હોય. ૨. સાધુ માટે બનાવેલી વસ્તુ વહોરાવી હોય.
૩. દાડમ લીધું હોય. ૪. બંધ રૂમમાંથી લાવેલો આહાર લીધો હોય.

**(ક) સંમૂર્ચ્છિમ મનુષ્યનો કયો ભેદ લાભે તે લખો.** **(૨)**

૧. પેશાબની કોથળીમાં ૨. માખીની લીંટમાં ૩. રૂમાલમાં કાઢેલા કફમાં ૪. ગુમડા થયા હોય તેના પરૂમાં

**(ડ) માત્ર સંખ્યા લખો.** **(૩)**

૧. આચાર ૨. કર્મભૂમિ ૩. તીર્થંકરનું જઘન્ય આયુષ્ય ૪. ભાવના ૫. સમકિતની જીવાયોનિ ૬. ગુપ્તિ

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. ગર્ભજ કોને કહે છે? તે સંજ્ઞી છે કે અસંજ્ઞી?
૨. કીર્તન, વંદન, સ્મરણથી શું લાભ થાય છે?
૩. ઉવભોગ–પરિભોગ પરિમાણ વ્રત એટલે શું?

(૫૫)

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે જવાબ લખો.** **(૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩૦)**

૧. ત્રીજા ગુણસ્થાનનો લક્ષણ દ્વાર લખો. (૬)
૨. વીતરાગીને કેટલા અને કયા કયા પરિષહ હોય? (૪×૬)
૩. દંડક દ્વાર લખો.
૪. બીજું, છટ્ઠું અને તેરમું ગુણસ્થાન લોકના કેટલા ભાગને સ્પર્શે?
૫. ચોથા ગુણસ્થાને ઉદય, સંઘયણ, ચારિત્ર, ધ્યાન અને દશમા ગુણસ્થાને જીવાયોનિ, લેશ્યા, વેદ અને ક્રિયા કેટલા? માત્ર સંખ્યા લખો.
૬. પહેલા ગુણસ્થાનનો સ્થિતિ દ્વાર લખો.
૭. પાંચમા ગુણસ્થાને ઉપયોગ, અગિયારમા ગુણસ્થાને માર્ગણા, તેરમા ગુણસ્થાને હેતુ અને નવમા ગુણસ્થાને સમકિત કેટલા અને કયા કયા?

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. ચૌદમા ગુણસ્થાને ભાવ કેટલા? કયા કયા?
૨. બીજા ગુણસ્થાને આત્મા કેટલા? કયા કયા?
૩. અણાહારક ગુણસ્થાન કેટલા? કયા કયા?

૪. આઠમા ગુણસ્થાને જીવના ભેદ કેટલા? કયા કયા?
૫. નવમા ગુણસ્થાને અંતર કેટલું?
૬. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે કેટલા અને કયા કયા પરિષહ લાભે?

**(૩) નીચેનામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય? (૪)**

૧. અપડિવાઈ શાશ્વતા ૨. અપ્રમાદી કષાયી ૩. ઉપશમ શ્રેણી સંઘયણ ૪. વાટે વહેતા સમકિતી

**(બ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૧)**

૧. અજીવ પરિણામ કોને કહે છે? તેના ભેદ લખો. (૪)
૨. સબરસ કોને કહે છે? શા માટે? ખરબચડો અને ગરમ સ્પર્શ શરીરના કયા અંગમાં છે? (૨×૩)
૩. મહાકાળ, વીજળી, કબૂતર અને પંકપ્રભામાં કુલ પરિણામ કેટલા? માત્ર સંખ્યા લખો.
૪. બંધન પરિણામ એટલે શું? પરમાણુ પુદ્‌ગલ કેટલા પ્રકારના છે? કયા કયા?
૫. યોગ પરિમાણ કેટલા છે? કયા કયા? (૧)

**(૨) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૪)**

૧. પોરામાં ઈન્દ્રિય ૨. મનુષ્યમાં કષાય ૩. વિજયંતમાં વેદ ૪. કારેલામાં લેશ્યા

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. નાનાને વડીલો પ્રત્યે અણગમો થાય ત્યારે શું ન વિચારાય? ચાર મુદ્દા લખો. (૪)
૨. ક્રોધ કરવાથી શરીરને શું નુકસાન થાય છે? ક્રોધને જીતવાની સાધના કેવી રીતે કરવી? (૨)

**(૨) ખાલી જગ્યા પૂરો. (૪)**

૧. શરીર ...... અને ...... નું સાધન છે.
૨. ......, ...... ના મનોરથ કરીશ તો મોક્ષ મળશે.
૩. જો વિચારોમાં ...... હશે તો ...... પર દ્વેષ નહીં આવે.
૪. બીજા વિશે જેટલું ...... એટલા ...... થી બચી શકાય.

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાશતકે ક્રોધમાં રેવતીને શું કહ્યું?
૨. મહાશતકની ૧૨ પત્નીઓ પાસે કેટલી સંપત્તિ હતી? રેવતીએ બાર પત્નીને કેવી રીતે મારી નાંખી?
૩. જિનપાલની કથા શેનો બોધ આપે છે? કામભોગ પર દષ્ટિ કરવાથી શું નુકસાન થાય છે?
૪. યક્ષની પીઠ પર બેસેલા માકંદી પુત્રોને રયણાદેવીએ શું કહ્યું?
૫. મહાશતક શ્રાવકની સંપત્તિનું વર્ણન કરો.

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ધન્ય ........ કેવા વીર થયા? ૨. લોકો કહે ......... ગુરુકૃપાએ.
૩. ધગધગતું ........ કપાવું. ૪. ધર્મને ......... ના મરવાનું.

**જય – જિનેન્દ્ર**